ભાજપાના ઉત્થાનનું ઉદ્‌ગમ સ્થાન ગુજરાત છે : જે. પી. નડ્ડા

ગાંધીનગર, તા.૪

આજરોજ ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે પધાર્યા હતા ત્યારે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે તેમનું પરંપરાગત નૃત્ય, ઢોલ-નગારાના નાદ તેમજ 'ભારત માતા કી જય' ના નારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આજરોજ ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ ભાજપા કાર્યાલય ખાતે પ્રદેશ બેઠક યોજાઈ હતી. બેઠક શરૂ થયા પૂર્વે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડાજીનું પુષ્પગુચ્છ, પુસ્તક આપી, શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલ, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી.એલ.સંતોષજી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ભાજપાના રાષ્ટ્રીય સહ-સંગઠન મહામંત્રીશ્રી વી.સતીષજી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષા ડો. ભારતીબેન શિયાળ, ગુજરાતના સહ પ્રભારીશ્રી સુધીર ગુપ્તા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ/અગ્રણીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપા પ્રમુખશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ તેમના અધ્યક્ષીય સંબોધનમાં જણાવ્યું હતું કે, ભાજપાના ઉત્થાનનું ઉદ્‌ગમસ્થાન ગુજરાત છે, સંગઠનની રીતી-નીતિ અને કાર્યશૈલી અને સરકારની ઉત્કૃષ્ટ કામગીરીના સમન્વયનું જીવંત ઉદાહરણ ગુજરાત છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૯૮૯માં દિલ્હીમાં સંગઠનનું કાર્ય કરતા ત્યારથી તેમની સાથે કામ કરવાનો અવસર મળ્યો છે. આજે અનેક ઉતાર-ચઢાવ બાદ પરિશ્રમની પરાકાષ્ઠાના ફળસ્વરૂપે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. ૨૪ કલાક ૩૬૫ દિવસ જનતાની પડખે ચોકીદારની જેમ ઉભું રહેવું એ આપણા સૌની જવાબદારી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં શરૂ

● અનુસંધાન પાન-૭ પર

કુડાસણમાં ૨૦ કરોડના ખર્ચે મનપા નવો ટાઉનહોલ બનાવશે

સે-૧૭માં હાલ એકમાત્ર ટાઉનહોલનુ પણ હવે રીનોવેશન હાથ ધરવામાં આવશે : જ્યારે ન્યુ ગાંધીનગરમાં પણ વસતીને ધ્યાનમાં રાખી કોર્પોરેશન દ્વારા નવો હોલ બનાવવા ટુંકમાં ટેન્ડર પ્રકીયા આરંભાશે

ગાંધીનગર તા ૪

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નવો ટાઉનહોલ બનાવવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરી દેવાશે. કોબા માર્ગ પર કુડાસણ પાસે નવો ટાઉનહોલ બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. ટાઉનહોલના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરાશે. શહેરના સે-૧૭ સ્થિત દાયકાઓ જુના ટાઉનહોલના રીનોવેશનની યોજના પણ બે વર્ષથી મંજુર કરવામાં આવી છે. આમછતા હજુ સુધી રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી ત્યારે નવા ગાંધીનગરમાં નવો ટાઉનહોલ બનાવાની યોજના કલાકારો તેમજ સાંસ્કૃતિક સંસ્થાઓ માટે પણ ઉપયોગી બનશે.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ વર્ષથી ટાઉનહોલ મરણપથારીએ છે. ટાઉનહોલની હાલત અત્યંત કંગાળ થતા આખરે માર્ગ મકાન વિભાગે ટાઉનહોલ ભાડે આપવાની યોજના બંધ કરી દીધી હતી. ટાઉનહોલના મંચ પર કલાકારો માથે લાઈટ પડવાથી કલાકારોને ઈજા થવા પામી હોવાના કીસ્સા પણ ધ્યાને આવ્યા છે. જયારે કંગાળ ટાઉનહોલને નવા રૂપરંગ આપવા માટે પણ દરખાસ્ત કરવામાં આવ્યા બાદ હવે આગામી દિવસોમાં નગરના ટાઉનહોલનુ રીનોવેશન હાથ ધરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે આ યોજના કાગળ પરથી આગળ વધી શકી નથી. જયારે હવે ટાઉનહોલના રીનોવેશનનુ કામ પણ ટુંકમાં હાથ ધરવામાં આવશે. બીજીતરફ ન્યુ ગાંધીનગરમાં નવો ટાઉનહોલ બનાવવા માટેની યોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે. ન્ય ગાંધીનગરના ગુડા વિસ્તારમાં પણ નવી સોસાયટીઓ અસ્તિત્વમાં આવી રહી છે .જયારે વિકાસની સાથે વસતી વધતા આ વિસ્તારમાં નાગરિકોને કાર્યક્રમ કે સમારંભના આયોજન માટે સાનુકુળતા રહે તેવા આશયથી નવો ટાઉનહોલ બનાવવા માટે તૈયારી કરી દેવામાં આવી છે. કોબા માર્ગ પર કુડાસણમાં નવો ટાઉનહોલ બનાવાશે આ ટાઉનહોલમાં ૧૨૦૦ શ્રોતાઓ બેસી શકે તે મુજબની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. ટાઉનહોલના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગાંધીનગર કોર્પોરેશન કક્ષાએથી કુડાસણમાં નવો ટાઉનહોલ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ટુંક સમયમાં જ ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવાશે. જયારે ટાઉનહોલના નિર્માણનુ કામ પણ ત્વરિત શરૂ કરી દેવાશે. કોરોના કાળમાં લાંબા સમયથી સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ થતુ નથી ત્યારે આગામી દિવસોમાં નવો ટાઉનહોલ તૈયાર કરી દેવાતા શ્રોતાઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરાશે

જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ બે નગરપાલિકાની ચૂંટણીમાં ૮ લાખથી વધુ મતદારો મતદાન કરશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૮ લાખથી વધુ મતદારો મતદાન કરી તેમના જનપ્રતિનિધિઓની પસંદગી કરશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત, ૩ તાલુકા પંચાયત અને બે ન.પા.ની સામાન્ય ચૂંટણી અંગે આજે તંત્ર દ્વારા મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થવાની છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ૧૯ ગામોને શહેરી વિસ્તારમાં સમાવાયા પછી જિલ્લામાં સૌથી વધુ મતદારો ધરાવતો તાલુકો ગાંધીનગર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત અને ૩ તાલુકા પંચાયત માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૭ લાખ એકસો એકતાલીસ છે.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૮૬,૩૫૭ છે જેમાં ૯૧,૩૯૯ મહિલા, ૯૪,૯૪૮ પુરૂષ અને અન્ય જાતિના ૧૦ મતદારોનો સમાવેશ થાય છે.

માણસામાં ૧,૮૧,૮૧૮ મતદારો નોંધાયેલા છે જેમાં ૮૭,૮૭૧ મહિલા અને

● અનુસંધાન પાન-૭ પર

સે-૧નું તળાવ કરોડોના ખર્ચ બાદ પણ કોઈ આકર્ષણ નહીં

માર્ગ મકાન વિભાગ બાદ કોર્પોરેશને તળાવ વિકાસના નામે નતનવા પ્રયોગો કરી કરોડો રૂપિયા પર પાણીઢોળ કર્યુ : તળાવને પીકનિક સ્પોટ બનાવાનુ સ્વપ્ન પણ રોળાયુ : સેકટરવાસીઓને ઉદ્યાન સિવાય અન્ય કોઇ આકર્ષણ દેખાતુ ન હોવાનો રોષ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સે-૧ માં પણ તળાવ વિકાસની યોજના એક ડેડ પ્રોજેકટ સમાન બની ગઇ છે. છેલ્લા દોઢ દાયકાના અંતે પણ તળાવમાં નજીવા પાણી સાથે તળિયુ આરપાર જોવા મળે છે. તંત્રની ભ્રષ્ટ નિતીની જેમ તળાવના તળિયાની પણ તરસ છીપાતી નથી. જેના લીધે તળાવ વિકાસની યોજના પિકનીક સ્પોટ સમાન બની શકી નથી. નાગરિકોને આ જગ્યાએ હરિયાળા ઉદ્યાન સિવાય અન્ય કોઈ આકર્ષણ દેખાતુ ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.

શહેરમાં સે-૧ ના તળાવના વિકાસની યોજના ભ્રષ્ટાચારનો એક ભાગ બની છે. અગાઉ તળાવ વિકાસના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે તળાવાના નામે કરોડો રૂપિયાનુ આંધણ કર્યા બાદ પણ હજુ તળાવ હોવાનો અહેસાસ નાગરિકોને થતો નથી. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી તળાવને પિકનીક સ્પોટ બનાવવા માટે નતનવા આયોજનો તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. પરંતુ તંત્રની ભ્રષ્ટ નિતીની જેમ તળાવના તળિયાની તરસ પણ છીપાતી નથી. વર્ષોના અંતે પણ સે-૧ ના તળાવમાં પાણી ભરાતુ નથી.

અગાઉ આ તળાવ વિકાસની યોજના માર્ગ મકાન વિભાગ કક્ષાએથી હાથ ધરવામાં આવી હતી જયારે તળાવનો હવાલો આખરે કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ તળાવમાં પાણી ભરાઈ જશે અને આ વિસ્તારની રોનક નિખરશે તેવી યોજના અમલી બનાવવા માટે પણ કોર્પોરેશનના અધિકારીઓએ વસ્ત્રાપુર સહીતના અન્ય તળાવનો પણ અભ્યાસ કરી આગળ કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લીધો હતો પરંતુ શરૂઆતના તબક્કામાં થોડુ કામ હાથ ધરાયા બાદ વર્ષો સુધી તળાવ વિકાસની યોજના ધુળ ખાતી નજરે પડી હતી જયારે સ્લોપીંગ ગાર્ડન અને આસપાસનો વિસ્તાર નિખારી તળાવની રોનક નિખરી ગઇ હોવાનો સંતોષ વ્યકત કરતા તંત્રએ હજુ સુધી તળાવનો નઝારો નયનરમ્ય બને તે દિશામાં જાણે કાંઇ વિશેષ કર્યુ નથી. જેના લીધે દોઢ દાયકાના અંતે પણ તળાવની રોનક નિખરી નથી. કરોડો રૂપિયાનો પાણી ઢોળ કરીને તેની જાળવણીના નામે પણ કોર્પોરેશન કક્ષાએથી તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે સ્થાનિક નાગરિકોને હરિયાળા ઉદ્યાન સિવાય અન્ય કોઇ આકર્ષણ દેખાતુ નથી.

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત્ રહેવા પામ્યો છે પણ કેસોમાં સતત ચડાવ-ઉતારને પગલે તંત્રની ચિંતા વધી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૧ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો છે. આજે નોંધાયેલા ૧૧ કેસમાંથી ૧૦ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના છે. જ્યારે એક કેસ દહેગામ તાલુકામાં નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ નવ કેસ નોંધાયા છે. યુવા, આધેડ અને મોટીવયના દર્દીઓ જે રીતે નોંધાઈ રહ્યા છે તેણે પણ તંત્રની ચિંતા વધારી છે. જો કે આજે સંક્રમિત થનાર દર્દીઓ કરતાં રિકવરી પ્રાપ્ત કરી ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા મોટી છે. આજે જિલ્લામાં ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૩ અને શહેરી વિસ્તારના ૧૪ દર્દીઓનો સમાવેશ થાય છે. જિલ્લામાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે. જિલ્લામાં આજે ૪ દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૧૦ કેસ કોરોનાના નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બની જે રીતે વિસ્તરી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના પેથાપુર ગામેથી ૩ તો સરગાસણ ગામેથી વધુ ૫ કેસ મળી આવવા ઉપરાંત સાદરા અને રાંદેસણ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ૮૯ ટકાથી વધુ છે. આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૭૫૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૮૫૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે સતત બીજે દિવસે પણ શહેરમાંથી નવ નવા કેસ મળી આવતાં તંત્રને થોડીક રાહત જરૂર થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા નવ કેસમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે ૩ મહિલા દર્દીઓ પણ મળી આવી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૬ દર્દી મોટીવયના છે જ્યારે ૩ યુવા વયના દર્દીઓ છે. આજે સંક્રમિત થનારાઓમાં મહેન્દ્ર ફાયનાન્સના એરિયા મેનેજર, સાબરડેરીના કર્મયોગી, ખાનગી હોસ્ટેલના માલિકનો પણ સમાવેશ થાય છે.

આજે સે. ૨૬ માંથી અને સે. ૨૯ માંથી બે-બે કેસ મળવા ઉપરાંત ૨૨, ૮, ૭, ૧૭, ૫ માંથી કેસો મળી આવ્યા છે. આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર તાલુકામાં ૧૦ કેસ, દહેગામમાં એક કેસ, સે. ૨૬ અને ૨૯ માં બે-બે કેસ સાથે નવા નવ કેસ નોંધાયા

સ્વર્ણિમ સંકુલમાંથી આજે ૬ પોઝીટીવ કેસ કોરોનાના મળ્યા

ગાંધીનગર શહેરમાં એક તરફ કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે ત્યાં આજે રાજ્યના મુખ્ય વહીવટી સંકુલ સરદાર પટેલ ભવનમાં આવેલ સ્વર્ણિમ સંકુલ-૧ માં આજે કોરોનાના કરાયેલા ટેસ્ટમાં ૬ જેટલા કર્મયોગીઓ પોઝીટીવ જણાઈ આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આ કર્મયોગીઓ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીના કાર્યાલય સાથે સંકલાયેલા છે. આજે મળી આવેલા આ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાંથી એક જ દિવસમાં ૬ કર્મયોગીઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આજે સચિવાલયમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

સે. ૧૧ના વાણિજ્ય વિસ્તારમાં ગેરકાયદે બાંધકામના મુદ્દે કોંગી કાઉન્સીલરોની રજુઆત

ગાંધીનગર, તા. ૪

સે. ૧૧ના વાણિજ્ય વિસ્તારમાં મેયરના ગેરકાયદે બાંધકામને મુદ્દે આજે કોંગ્રેસના તમામ કાઉન્સીલરોએ મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણને મળી આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆતો કરી હતી.

મનપાના વિપક્ષના તમામ કાઉન્સીલરોએ આજે વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ લખેલા પત્ર પર હસ્તાક્ષર કરી અને સામુહિક રજુઆત કરી હતી. કમિશનરને આજે કરાયેલ લેખિત રજુઆતમાં કોંગી સભ્યોએ આક્ષેપ કર્યો છે કે મેયરના હોદ્દાનો દુરૂપયોગ કરી અને ગેરકાયદે બાંધકામ કર્યુ છે. આ પ્રકારના શરમજનક વર્તન બદલ મેયરને તાત્કાલિક અસરથી મેયરપદેથી જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓને આધીન રહી દૂર કરવા જોઈએ તેમજ ગેરકાયદે બાંધકામ દૂર કરવાની કાર્યવાહી પણ ત્વરીત રીતે કરવી જોઈએ.

સભ્યોએ બાંધકામના પ્લાન, રજાચિઠ્ઠીને ખાનગી બાબત ગણી શકાય નહિ. પિન્કીબેન પટેલે જણાવ્યુ છે કે બાંધકામ માટેની વિકાસ પરવાનગી ૮ માળ માટે માર્ચ ૨૦૧૭માં અપાઈ હતી પરંતુ તત્કાલીન કમિશનર મોદીએ જીડીસીઆર મુજબ ૫ એપ્રિલ-૨૦૧૮ના રોજ તેને રદ કરી હતી. આ પછી રિવાઈઝ્ડ વિકાસ પરનવાગી અપાઈ નથી કારણ કે તેમાં નિયમ મુજબ પાર્કિંગની વ્યવસ્થા મળી શકે તેમ નથી. તેમણે બી.યુ. પરમિશન જે અપાઈ છે તે રદ કરી કાર્યવાહી કરવાની માંગણી કરી હતી.

કોંગી કાઉન્સીલરો આજે આક્રમક મૂડમાં જણાતા હતા પરંતુ કમિશનર દ્વારા રજુઆત અંગે કોઈ જ પ્રતિભાવ આપવાનું ટાળ્યુ હતુ.

સે. ૧૧ના વાણિજ્ય વિસ્તારમાં હવે મનપા દ્વારા બનાવવામાં આવનારા પાર્કિંગ પ્લોટનો મુદ્દો પણ આ સંકુલથી જ ઉભો થયો હોવાનો આક્ષેપ કાઉન્સીલરોએ કર્યો હતો.

મનપાની સામાન્ય ચૂંટણીઓને આડે હવે માંડ ત્રણેક માસનો સમય બચ્યો છે ત્યારે આ વિવાદ સમગ્ર શહેરમાં નગરજનોની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

કોંગ્રેસે આજે આ મુદ્દે કોર્ટમાં જવાની ચીમકી આપી છે.

દુઃખદ અવસાન



મારા પૂજ્ય પિતાશ્રી **મહેન્દ્રકુમાર માધવલાલ પટેલ**(નિવૃત્ત TDO) નો તા.૦૩-૦૧-૨૦૨૧ ને રવિવાર ના રોજ અક્ષરવાસ થયેલ છે. **વર્તમાન પરસ્થિતિને ધ્યાનમાં લઇ સદગતનુ ટેલીફોનીક બેસણું તા. ૦૬-૦૧-૨૦૨૧ ને બુધવારે સવારે ૯-૦ થી ૧૧-૦ કલાકે** રાખેલ છે.

નિવાસ સ્થાન:-પ્લોટ નં ૧૪૭/૧,સેક્ટર -૩ એ ,ગાંધીનગર.

લિ.

સ્વ.માધવલાલ અંબાલાલ પટેલ

શાખે-ગુજરીયા પરિવાર(કહીપુર વાળા)

શરદ કુમાર માધવલાલ પટેલ (ભાઈ)	પ્રજ્ઞેશકુમાર મહેન્દ્રભાઈ પટેલ (પુત્ર)
ડી. એમ. પટેલ(ભાઈ)	(M) 9825851125
(M) 9427685400	સુભદ્રાબેન મહેન્દ્રભાઇ પટેલ(પત્ની)
ડો.બાબુભાઈ માધવલાલ પટેલ (ભાઈ)	કણ્વ પ્રજ્ઞેશ પટેલ (પૌત્ર)
કાંતિભાઈ માધવલાલ પટેલ (ભાઈ)	
હસમુખભાઈ માધવલાલ પટેલ (ભાઈ)	

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com